# જ્ઞાનગંગા

મુખપત્ર

સ્વર્ણિમ ગુજરાત
1960-2010

ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત

## ડૉ.બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય

વર્ષ : ૫ | અંકઃ૧૮ (ફક્ત આંતરિક વિતરણ) | માર્ચ ,૨૦૧૧

### ગૌરવવંતી ગુજરાતના સ્વર્ણિમજયંતી વર્ષે
### ડૉ.બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલયનાં
### ગૌરવશાળી આગેકદમ !






૧૪ એપ્રિલ,૧૮૯૧ - ૦૬ ડિસેમ્બર,૧૯૫૬

શ્રાદ્ધેય ડૉ.બાબાસાહેબ આંબેડકરને એકસો એકવીસમી
જન્મજયંતીએ શત શત કોટિ વંદન

## ગૌરવ આપણા સૌનું :

"કાર્યદક્ષતા અને પરિણામ" ક્ષેત્રે
ડૉ.બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય, ગુજરાત
સમગ્ર દેશની દૂરવર્તી/ મુક્ત શિક્ષણ સંસ્થાઓમાં છઠ્ઠા ક્રમાંકે !

-સ્રોતઃ "હિન્દુસ્તાન ટાઈમ્સ", નવી દિલ્હી, ૧૧.૦૮.૧૦ માં પ્રકાશિત સર્વે




ડાંગ સંસ્કૃતિની સ્વર્ણિમ ગાથા



ડાંગ સંસ્કૃતિની સ્વર્ણિમ ગાથા



ડાંગ સંસ્કૃતિની સ્વર્ણિમ ગાથા



ડાંગ સંસ્કૃતિની સ્વર્ણિમ ગાથા




યુનિવર્સિટી ખાતે યોજાયેલ "એક સાથે વાંચે ગુજરાત" કાર્યક્રમ



કેન્દ્રો ખાતે યોજાયેલ "એક સાથે વાંચે ગુજરાત" કાર્યક્રમ



કેન્દ્રો ખાતે યોજાયેલ "એક સાથે વાંચે ગુજરાત" કાર્યક્રમ



કેન્દ્રો ખાતે યોજાયેલ "એક સાથે વાંચે ગુજરાત" કાર્યક્રમ

સ્વાધ્યાયમાં
શ્રદ્ધાસહિત નિમગ્ન
જ્ઞાનના ઓજસથી નિર્માલ્યતાના તમસને નિર્મૂળતું
એક મુક્ત વિશ્વવિદ્યાલય ગુજરાતનું...
છેક છેવાડે છેલ્લા જિજ્ઞાસુ સુધી પણ પહોંચતું
ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય

મા ભોમ ભારતના સંતાનોનું...
વિશ્વ સમસ્તેથી શુભ સત્ય ને સત્ત્વને ઝીલતું
વિશ્વદૃષ્ટિને જ્ઞાનામૃતથી સીંચતું
આપણું વિશ્વવિદ્યાલય... મુક્ત વિશ્વવિદ્યાલય
આર્ષદૃષ્ટા બાબાસાહેબની ઉર્ધ્વગામી દૃષ્ટિને
સાકાર કરવા સમર્પિત

સૌને સામર્થ્યવાન ચારિત્ર્યવાન અને રાષ્ટ્રોન્મુખ
જીવન ઉછેરવા પ્રેરતું
ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય
ડૉ. બાબાસાહેબ આંબેડકરજીને
ગુજરાતની સુવર્ણ જ્યંતીએ
શત શત કોટિ
વંદન કરે છે...

## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | કુલપતિશ્રીની કલમે | ૦૫ |
| ૨. | એક સાથે વાંચે ગુજરાત "અભિયાન અહેવાલ" | ૬-૮ |
| ૩. | સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત થયેલ સેમિનાર | ૯ |
| ૪. | **The Sixth Pan-Commonwealth Forum on Open Learning (PCF6) Report** | ૯ |
| ૫. | સાર્વજનિક ગ્રંથાલયોની સમાજના સર્વાંગી ઉત્કર્ષમાં ભૂમિકા: દૂરવર્તી શિક્ષણના પરિપ્રેક્ષ્યમાં | ૧૦-૧૧ |
| ૬. | યુનિવર્સિટીનું ગૌરવ | ૧૨ |
| ૭. | પરિચય બેઠક | ૧૨ |
| ૮. | પરિસંવાદ પ્રતિનિધિત્વ અને અન્ય | |
| ૯. | યુનિવર્સિટીમાં શરૂ થનાર નવા અભ્યાસક્રમો | ૧૨ |
| ૧૦. | પ્રાસંગિક | ૧૨ |
| ૧૧. | ગૌરવ આપણા સૌનું | ૧૩ |
| ૧૨. | સેટઓડિયલ રેડિયો કાર્યક્રમ | ૧૩ |
| ૧૩. | એનજીઓ મેનેજમેન્ટ અભ્યાસક્રમ | ૧૩ |
| ૧૪. | વિભાગીય માહિતી | ૧૩,૧૪,૧૬ |

# કુલપતિશ્રીની કલમે

પ્રિય વાચકો,

નમસ્કાર અને વંદન સહ હોળી ધુળેટીના આનંદપર્વોની આપને તથા સૌ પરિવારજનોને હાર્દિક શુભેચ્છાઓ.

નવા રૂપરંગ સાથે જ્ઞાનગંગાનો આ અંક આપના કરકમલોમાં મુકતાં જ્ઞાનગંગાની ટીમ અને વિશ્વવિદ્યાલય પ્રસન્નતા અનુભવે છે.

આ વિશ્વવિદ્યાલય છેલ્લા થોડાક મહિનાઓ દરમ્યાન નવી દિશાઓ પ્રતિ અગ્રેસર થયું છે. વિશ્વવિદ્યાલયનાં પ્રશાસનના સંનિષ્ઠ પ્રયત્નો છે કે વિશ્વવિદ્યાલયની બે અનિવાર્ય પ્રાથમિક જરૂરિયાતો પોતાનું કાયમી સ્વતંત્ર પરિસર અને કાયમી અધ્યાપકો તથા કર્મચારીઓની નિમણૂક. આ બંને પ્રાથમિકતાઓને સિદ્ધ કરવામાં વિશ્વવિદ્યાલયના પ્રશાસનને નોંધપાત્ર સફળતા સાંપડી છે. વિશ્વવિદ્યાલયના નવા પરિસરનું નિર્માણકાર્ય આરંભ થઈ ચૂક્યું છે, અને ગુજરાત સરકારશ્રીનું માર્ગ અને મકાન વ્યવહારખાતું નિકટના ભવિષ્યમાં આ નિર્માણકાર્ય ગુણવત્તા સાથે પૂર્ણ કરવા પ્રયત્નશીલ છે. વળી, વિશ્વવિદ્યાલયના કુલસચિવ અને નિયામકના પદ પર વિશ્વવિદ્યાલયની સ્થાપના પછી ૧૬ વર્ષે ગુજરાત સરકારશ્રીએ કાયમી નિમણૂક કરતાં જાહેરનામાં પ્રસિદ્ધ કર્યાં છે. નજીકના ભવિષ્યમાં વિશ્વવિદ્યાલયના કાયમી પ્રોફેસરોની પસંદગી પ્રક્રિયા પણ નિયમાધિન પૂર્ણ થવાના માર્ગે છે.

વર્તમાન સમયમાં ઇન્ફોર્મેશન અને કોમ્યુનિકેશન ટેક્નોલોજીના સામર્થ્યને ધ્યાને લઈ વિશ્વવિદ્યાલય પણ પોતાના અભ્યાસક્રમોને આ ટેક્નોલોજીનું સામર્થ્ય પ્રદાન કરવા માટે સક્રિય થઈ છે. એક નાનકડા પ્રયાસ રૂપે અત્યારે પણ વિશ્વવિદ્યાલયની વેબસાઈટ <baou.edu.in> પર કોઈપણ વિદ્યાર્થી કે જિજ્ઞાસુ આપણાં વિશ્વવિદ્યાલયના બહુધા અભ્યાસક્રમોની અભ્યાસસામગ્રી e-Text સ્વરૂપે વિના મૂલ્યે પ્રાપ્ત કરી શકે છે. તદુપરાંત CCC અને FGP અભ્યાસક્રમો માટે ઑનલાઈન પ્રેક્ટિસ ટેસ્ટનો પણ મુક્તપણે અને વિનામૂલ્યે લાભ લઈ શકે છે. આપણા સૌ માટે આ ગૌરવની વાત છે. ગુજરાતના તમામ વિશ્વવિદ્યાલયો અને દેશના સર્વ પ્રાદેશિક મુક્ત વિશ્વવિદ્યાલયોમાં કેવળ ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય વિદ્યાર્થીઓ તથા જિજ્ઞાસુઓને આ સુવિધાઓ મુક્તપણે અને વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં સફળ થઈ છે. આ સફળતાનો ખરો યશ વિશ્વવિદ્યાલયના સંનિષ્ઠ કર્મયોગીઓને ફાળે છે. તેઓને આપણા સૌના ધન્યવાદ સાથે અભિનંદન છે.

આપને જાણીને પ્રસન્નતા થશે કે તાજેતરમાં જ નવી દિલ્હીથી પ્રકાશિત પ્રસિદ્ધ રાષ્ટ્રીય દૈનિક 'હિન્દુસ્તાન ટાઈમ્સે' પ્રસિદ્ધ કરેલા એક સર્વે અનુસાર સમસ્ત દેશમાં માન્યતા ધરાવતા ૩૦ દૂરવર્તી શિક્ષણ સંસ્થાઓ અથવા મુક્ત વિશ્વવિદ્યાલયોમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય "પરિણામ અને કાર્યદક્ષતા" ના ક્ષેત્રે સમસ્ત દેશમાં છઠ્ઠા ક્રમાંકે પ્રતિષ્ઠિત થયું છે. અનેક પ્રકારની અછતો અને પ્રતિકૂળતાઓ વચ્ચે પણ આપણાં વિશ્વવિદ્યાલયની આ નોંધપાત્ર સિદ્ધિ વિશ્વવિદ્યાલયના સર્વે કર્મયોગીઓ તથા અભ્યાસકેન્દ્રોના સંચાલકોના સમર્પિત અને સંનિષ્ઠ સહકારને કારણે છે. ગુજરાતના સ્વર્ણિમ જયંતિ વર્ષમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલયની આ ગૌરવવંતી સ્વર્ણિમ સિદ્ધિ બદલ આપ સૌને અભિનંદન સાથે ધન્યવાદ.

મને શ્રદ્ધા છે કે આપણા સૌના સહિયારા હોલા-ઉપાડથી આપણે આપણા વિશ્વવિદ્યાલયને આવનારા દિવસોમાં હજુ વધુ કાર્યદક્ષ અને જ્ઞાન તથા કેળવણીની જિજ્ઞાસા ધરાવતા અસંખ્ય વિદ્યાર્થીઓને સુલભ બનાવીશું.

શુભભાવનાઓ સહ,

સહૃદયી,
મનોજ સોની
કુલપતિ

# સ્વર્ણિમ ગુજરાત
# એક સાથે વાંચે ગુજરાત "અભિયાન અહેવાલ"

ગુજરાત રાજ્યના સ્થાપનાના સ્વર્ણિમ ગુજરાત મહોત્સવના ભાગ રૂપે માનનીય મુખ્યમંત્રીશ્રીના ગુજરાતમાં "વાંચે ગુજરાત" અભિયાન હેઠળ વિદ્યાર્થીઓમાં વાંચન વિકાસ, વાંચન રુચિમાં વધારો સમાજનો દરેક વર્ગ વાંચી શકે તે માટે ગુજરાત સરકારના "એક સાથે વાંચશે ગુજરાત" કાર્યક્રમ દ્વારા એક સાથે 50 લાખ વિદ્યાર્થીઓ ઉદ્દેશથી સમગ્ર ગુજરાત જ્યારે વાંચનનો મીલાવવા માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઈન્સ્ટિટ્યુટના સહયોગથી તા.30/10/2010 ને દરમ્યાન "એક સાથે વાંચશે ગુજરાત" કાર્યક્રમ

આ કાર્યક્રમમાં ડૉ. બાબાસાહેબ ટેકનિકલ ઇન્સ્ટિટ્યુટના અધિકારીશ્રી, કર્મચારીશ્રીઓ હાજર રહ્યા હતા. આ તમામે વાંચનને લીધે પ્રેરણાદાયી, ગૌરવમય કાર્યક્રમમાંથી પ્રાપ્ત થયેલ ઉત્સાહ અને પ્રેરણાને વાંચવાની પ્રેરણા મળી હતી. હાજર રહેલ




સમૂહ વાંચન કરે તેવા વિશ્વ રેકોર્ડ કરવાના અનેરો ઉત્સવ ઊજવી રહ્યું છે. ત્યારે સાથે કદમ ઓપન યુનિવર્સિટી અને આર. સી. ટેકનિકલ શનિવારના રોજ સવારે 9:00 થી 10:00 યોજવામાં આવ્યો હતો.

આંબેડકર ઓપન યુનિવર્સિટી અને આર. સી. પ્રિન્સિપાલશ્રી, નિયામકશ્રી, વ્યાખ્યાતાશ્રીઓ, એક સાથે એક કલાકનું વાંચન કર્યું હતું. આ વાતાવરણ ઊભું થયું હતું તેમજ આ નવતર કારણે કર્મચારી અને વિદ્યાર્થીઓને પુસ્તકો તમામને વાંચન કરવા માટે ડૉ. બાબાસાહેબ


યુનિવર્સિટી ખાતે યોજાયેલ "એક સાથે વાંચે ગુજરાત" કાર્યક્રમ

આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા પુસ્તકો પૂરા પાડવામાં આવ્યાં હતાં.

આ કાર્યક્રમ દરમ્યાન ગુજરાતી ભાષા, નવલકથા, કવિતા, જીવન ચરિત્ર, મેનેજમેન્ટ, ધર્મ, કોમ્પ્યુટર, કેરિયર ડેવલપમેન્ટ, જનરલ નોલેજ વિગેરે વિષયક પુસ્તકો તેમજ જુદાંજુદાં સામયિકો વાંચનના હેતુસર પસંદ કરવામાં આવ્યા હતા.



યુનિવર્સિટી ખાતે યોજાયેલ "એક સાથે વાંચે ગુજરાત" કાર્યક્રમ

અધ્યાપકશ્રીઓ, કર્મચારીશ્રીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા પોતે કરેલ વાંચનમાંથી સારાં વાક્યો અને સારાંશ પણ રજૂ થયો હતો. તેમજ જીવનમાં વાંચનના મહત્ત્વ વિશે પણ રજૂઆત કરવામાં આવી હતી. વધુમાં માહિતી આપવાની કે,

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અભ્યાસકેન્દ્રો/ પ્રોગ્રામકેન્દ્રોને આ કાર્યક્રમમાં સહભાગી થઈ આયોજન કરવા માટે ફોન, એસ.એમ.એસ. અને પત્ર દ્વારા જાણ કરવામાં આવી હતી. મોટાભાગના કેન્દ્રોએ સારો પ્રતિસાદ દાખવીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ યુનિવર્સિટીમાં પ્રવેશ પામેલ વિદ્યાર્થી માટે વાંચે ગુજરાત કાર્યક્રમનું 30 તારીખના રોજ સવારે 9 થી 10 ના સમય દરમ્યાન આયોજન કરેલ ગુજરાતભરના ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્તવિશ્વ વિદ્યાલયના અભ્યાસકેન્દ્રોમાંથી આવેલ "એક સાથે વાંચશે ગુજરાત" ના આવેલ અહેવાલ નીચે મુજબ છે.

### કેન્દ્ર નંબર–160

સાબરમતી વિદ્યામંદિર ટ્રસ્ટ દ્વારા વાંચે ગુજરાત કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ, જેમાં ટ્રસ્ટીઓ, પ્રમુખશ્રી, આચાર્યશ્રી, શિક્ષકો અને વિદ્યાર્થીમિત્રો હાજર રહીને વિવિધ ગુણોની ખીલવણી થાય તેવા મનગમતાં પુસ્તકોનું એક ચિત્તે અધ્યયન કર્યું. દરેક વિદ્યાર્થીઓને "વાંચે ગુજરાત" વેબસાઈટ વિશે ખ્યાલ આપવામાં આવ્યો.

### કેન્દ્ર કોડ નંબર–1002

આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી. એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર દ્વારા આ અભિયાનનું આયોજન કરવામાં આવેલ આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખશ્રી, ડાયરેક્ટરશ્રી, પ્રિન્સિપાલશ્રી અને અધ્યાપકમિત્રો ઉપરાંત 400 જેટલા વિદ્યાર્થીઓએ જીવનલક્ષી, ગાંધી સાહિત્ય, જીવનચરિત્ર, નવલકથા, નવલિકા, કાવ્યો, ગઝલો, જનરલ નોલેજ વગેરે જેવા પુસ્તકોનું વાંચન કરેલ.

### કેન્દ્ર કોડ નંબર–1707

વિશ્વમંગલમ્ અનેરા ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ, જેમાં સંસ્થાના સંચાલક હાજર રહેલ. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સંસ્થાની લાઇબ્રેરીમાંથી પુસ્તકો વાંચન માટે આપવામાં આવ્યાં હતાં.

કેન્દ્ર કોડ નંબર– એસ. ડી. શેઠિયા કોલેજ ઓફ એજ્યુકેશન, મુન્દ્રા–કચ્છ દ્વારા "વાંચે ગુજરાત" અભિયાન અંતર્ગત પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ સમય દરમ્યાન સંસ્થામાં પ્રવાસના કાર્યક્રમનું આયોજન હોવા છતાં સંસ્થા દ્વારા સાથે પુસ્તકો લઈ, પ્રવાસે ન ગયેલ વિદ્યાર્થી માટે સંસ્થામાં કાર્યક્રમનું આયોજન કરીને કાર્યક્રમને સફળ બનાવેલ. વાંચન દરમ્યાન દરેકને પોતાની યાત્રાને સફળ બનાવવા વાંચનમાં મગ્ન થઈ ગયેલનો અનુભવ મળ્યો હતો.

કેન્દ્ર કોડ નંબર–1711 પરખ ટ્રસ્ટ, હિંમતનગર દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં સંસ્થાના પ્રમુખશ્રી, મંત્રીશ્રી, પ્રોગ્રામ ઇન્ચાર્જશ્રી, વિદ્યાર્થીઓ હાજર રહી. આ પુસ્તકોનું વાંચન કરવામાં આવેલ. "જીવનમાં પુસ્તકની ઉપયોગિતા" અને પુસ્તકના મૂલ્ય વિશે પ્રવચનનું આયોજન કરવામાં આવેલ. જીવનમાં પુસ્તકો દ્વારા સામાજિક અને વૈચારિક જેવા વિષય પર ડિબેટ યોજવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીએ પરસ્પર ચર્ચા કરી જીવનમાં પુસ્તકોનું મૂલ્ય કેટલું? એ વિશે એકબીજાના વિચારોની આપ લે કરી હતી.

કેન્દ્ર કોડ નંબર–1403

શ્રી યુ. એન. મહેતા આર્ટસ કોલેજ, મોરબી અભ્યાસકેન્દ્રના વિદ્યાર્થીઓ તથા સ્ટાફ દ્વારા પુસ્તકોનું વાંચન કરવામાં આવેલ. જેમાં સ્વર્ણિમ ગુજરાત અને વાંચનના મહત્ત્વ વિશે માર્ગદર્શન આપવામાં આવેલ.

કેન્દ્ર કોડ નંબર–115

શ્રી ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી વિદ્યાલય, માંડવીમાં પરિચય બેઠકનું આયોજન કર્યું ત્યારે પુસ્તકો વાંચી તેમનો મર્મ સમજાવામાં આવેલ. જીવનના દરેક ક્ષેત્રમાં આગળ આવવું હોય તો વાંચન અનિવાર્ય છે. પુસ્તકોમાં જીવનની અનેક સમસ્યાનો ઉપાય આપેલા હોય છે. જેવી ચર્ચા કરી વિદ્યાર્થીઓને વાંચનની પ્રેરણા મળે એવું સુંદર આયોજન કરેલ.

કેન્દ્ર કોડ નંબર–149

સિદ્ધેશ્વરી એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરેલ તેમાં વિદ્યાર્થી ઘરેથી પુસ્તક લાવેલ અને સંસ્થા દ્વારા પણ આપવામાં આવેલ. આચાર્યશ્રી દ્વારા વાંચનનું મહત્ત્વ મહાનવિભૂતિઓની વાંચન ટેવને પ્રવચનમાં વણી લેવામાં આવેલ, વાંચનને કારણે આવેલ જાગૃતિને આઝાદીની લડતમાં ક્રાંતિ સાથે સરખાવી વાંચન સાથે સમજાવેલ.

આ સંસ્થા દ્વારા વાંચવા આપવામાં આવેલ પુસ્તકો કાયમી ધોરણે તેમની પાસે રાખવા "પુસ્તકો તરતા" મુકવામાં આવેલ. વિદ્યાર્થીઓ નિયમિત વાંચન કરવા માટે ખાત્રી આપી હતી.

કેન્દ્ર કોડ નંબર–1325

વિશ્વભારતી પી.ટી.સી. કોલેજ, મહેસાણામાં "વાંચે ગુજરાત" અભિયાન અંતર્ગત સુંદર અને જ્ઞાનમય કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં નિયામકશ્રી, આચાર્યશ્રી, વિદ્યાર્થીઓ હાજર હતા. કોલેજના વિશાળ કેમ્પસ, લાઇબ્રેરી અને કોન્ફરન્સરૂમમાં પુસ્તકોનું વાંચન કર્યું હતું. વાંચન બાદ વાંચેલા પુસ્તકની સમીક્ષા પણ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ઉત્તમ પુસ્તકો પોતાના ઘરે વસાવી લાઇબ્રેરી સ્થાપવાનો દૃઢ સંકલ્પ કર્યો.

કેન્દ્ર કોડ નંબર–401



કેન્દ્રો ખાતે યોજાયેલ "એક સાથે વાંચે ગુજરાત" કાર્યક્રમ

નલિની અરવિંદ એન્ડ ટી. વી. પટેલ આર્ટસ કોલેજ, વલ્લભ વિદ્યાનગરમાં આ યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. હરીશ દેસાઈના અતિથિ વિશેષ પદે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

અભિમુખતા કાર્યક્રમની સાથે જ વાંચે ગુજરાત અંતર્ગત જીવનમાં વાંચનનું મહત્ત્વ વિષય પર વાર્તાલાપ યોજેલ, જુદા જુદા પુસ્તકોનું વાંચન કરવામાં આવેલ. તેમજ "મારી નજરે પુસ્તકોના ઉચ્ચ વિચારો" રજૂ કરીને સૌને વાંચે ગુજરાત અભિયાનમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો.

કેન્દ્ર કોડ નંબર–722 શ્રી જે. એસ. પરમાર આર્ટસ્ એન્ડ કોમર્સ કોલેજ, કોડીનારમાં "વાંચે ગુજરાત અભિયાન" સંદર્ભે પુસ્તકો તરતા મુકવામાં આવેલ.

કેન્દ્ર કોડ 1008, વનવાસી કુમાર છાત્રાલય, અમીરગઢમાં વાંચે ગુજરાત અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરીને પુસ્તકોનું જીવનમાં મહત્ત્વ એ વિશે સમજાવવામાં આવ્યું. જીવનચરિત્રો, આત્મકથાઓ, નવલકથાઓ, નવલિકાઓ વિગેરે જેવા પુસ્તકોનું વાંચન કરવામાં આવ્યું. બધા વિદ્યાર્થીઓ પાસે એક કલાક વાંચન માટે શપથ લેવામાં આવ્યા.

કેન્દ્ર કોડ 205

શ્રી જી. એમ. બીલખિયા કોલેજ ઓફ આર્ટસ્ એન્ડ કોમર્સ કોલેજ, વંડામાં સંદર્ભગ્રંથોનું પ્રદર્શન યોજવામાં આવેલ. પુસ્તકોની માનવ જીવન પર અસર તેમજ વિદ્યાર્થીઓ દ્વારા પોતાને ગમતા પુસ્તકોના પરિચયનો આસ્વાદ કરવામાં આવ્યો અને પુસ્તકો વાંચવા જોઈએ એની છણાવટ કરીને સૌને વાંચવા પ્રેર્યા હતા.



કેન્દ્રો ખાતે યોજાયેલ "એક સાથે વાંચે ગુજરાત" કાર્યક્રમ

### કેન્દ્ર કોડ 2401 –પાટણ

તા.૩૦ અને ૩૧મી ઓકટોબર ૨૦૧૦ના રોજ વાંચે ગુજરાત કાર્યક્રમ ૨૪૦૧ કેન્દ્ર પાટણ રીજિયોનલ કેન્દ્રના સહયોગથી યોજવામાં આવેલ. જેમાં કેન્દ્રના સંયોજક/સહસંયોજક અને પ્રો.રેવડીવાળા હાજર રહ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### કેન્દ્ર કોડ 724- શ્રીજી વાત્સલ્ય શૈક્ષણિક સંકુલ, જૂનાગઢ

આ કાર્યક્રમનું આયોજન તા.૩૦-૧૦-૨૦૧૦ના રોજ કરવામાં આવેલ. તેમાં વિદ્યાર્થી એ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના મનગમતા પુસ્તક પર વાર્તાલાપ કરેલ. તદ્ઉપરાંત પ્રોગ્રામઈન્ચાર્જ શ્રી ભટ્ટસાહેબ દ્વારા પુસ્તક વિશે માહિતી આપી તે પુસ્તક વાંચવા વિદ્યાર્થીઓને જણાવેલ. વિદ્યાર્થીને વિશે શ્રી જુવાનસિંહવાળાએ વાત કરી અને વકતવ્ય આપેલ.

### કેન્દ્ર કોડ 505 –શિવાશ્રમ કુદરતી ઉપચાર કેન્દ્ર

સેન્ટર કોડ **505** દ્વારા વાંચે ગુજરાતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં આરોગ્યને લગતી પુસ્તિકાનું વિતરણ વિના મૂલ્યે કરવામાં આવેલ. વિદ્યાર્થીઓમાં વકતૃત્વ સ્પર્ધા રાખવામાં આવેલ અને ધોરણ પ્રમાણે ઈનામ વિતરણ કરેલ.

### કેન્દ્ર કોડ 152 – હરિઓમ સેવા ટ્રસ્ટ, અમદાવાદ

"વાંચે ગુજરાત" અભિયાન અંતર્ગત લોકોમાં વાંચનની અભિરુચિ કેળવવા માટેનાં કાર્યક્રમમાં લોક જાગૃતિ લાવવા માટે "મન ગમતા પુસ્તક વિશે વાર્તાલાપ" પ્રોગ્રામકેન્દ્ર – ૦૧૫૨ હરિઓમ સેવા ટ્રસ્ટ ખાતે પ્રો.ઈન્ચાર્જ શ્રી સતીષભાઈ શાહના માર્ગદર્શનમાં તા.૩૦-૧૦-૨૦૧૦ શનિવારના રોજ સવારે ૯ થી ૧૦ નાં સમયગાળા દરમ્યાન યોજવામાં આવેલ હતો. જેમાં વિદ્યાર્થીઓએ તેઓને ગમતા જુદા-જુદા પુસ્તક વિશે વાર્તાલાપ તથા તેમનાં પુસ્તક પ્રત્યેની રુચિ કેળવવાની બાબતને ઉજાગર કરી હતી.

શ્રી સતીષભાઈ શાહે વિદ્યાર્થીઓએ રુચિકારક વાંચન તથા આ વાંચનને જીવનમાં કેવી રીતે ઉતારવાનું છે તેની વાત સૌ વિદ્યાર્થીઓને સમજાવી

### કેન્દ્ર કોડ 1101 - ભરૂચ

જન શિક્ષણ સંસ્થાન ભરૂચના માજી બોર્ડ ઓફ મેનેજમેન્ટના સદસ્ય માનનીય શ્રી એમ.એસ મુલ્તાનીસાહેબની અધ્યક્ષતામાં "વાંચે ગુજરાત" કાર્યક્રમ **1101** કેન્દ્ર ખાતે રાખવામાં આવેલ. સારા પુસ્તકોના વાંચનથી સારા વ્યકિતત્ત્વની છાપ ઊભરી આવે છે. આપણે ગામે ગામે પુસ્તકાલયોની સ્થાપના કરી દરેકને મનગમતા પુસ્તકો વાંચવાની તક સાંપડે તેવા આપણા સૌના પ્રયત્નો હોવા જોઈએ. જેથી આપણામાં જ્ઞાન વૃદ્ધિ થાય અને પ્રચાર પ્રસારણ પણ થઈ શકે અને અન્યને તેનો લ્હાવો મળી શકે. અધ્યક્ષ સ્થાનેથી સંબોધતા શ્રીમાન એમ.એસ મુલ્તાનીસાહેબે "મને ગમતા પુસ્તકો" વિશે જણાવ્યું કે, દરેકમાં બાકી રહેલ કામને પૂર્ણ કરવાની ધગશ હોવી જોઈએ દરેક બાબતમાં અવરોધ આપણે જાતે ઊભા કરતા હોઈએ છીએ, તેમણે વહેવારમાં શિક્ષણ પહેલું રાખવાની સમજ આપી હતી, તેમણે સર્વાંગી વિકાસ માટે જ્ઞાનને મહત્ત્વ આપતા જણાવ્યું કે જેટલું વાંચન કરશો તેટલું જ્ઞાન વધતું જશે. "વાંચેલું વેડફાતું નથી વહેંચાઈ છે" ગદ્ય, પદ્ય, નવલિકાઓ, નવલકથાઓ, સત્યઘટનાઓ, વાર્તાઓ, રમુજીમય ટુચકાઓ દ્વારા જ્ઞાન પ્રાપ્તિ સ્થાનોની ચર્ચા કરી હતી. જગત અને જીવનને વિશાળ દૃષ્ટિથી જોવા વાંચન અગત્યનું છે, જેમાં બે મત નથી જીવનની સાચી કેળવણી પામવા માટે આપણે પ્રેરણાદાયી પુસ્તકોનું નિયમિત વાંચન કરવું જોઈએ.

**20** મી સદી ઔદ્યોગિક સદી હતી. **21** મી સદી થી જ્ઞાન અને વિજ્ઞાનની સદી છે. જીવનના દરેક ક્ષેત્રમાં આગળ આવવું હોય તો વાંચન અનિવાર્ય છે. પુસ્તકોમાં જીવનની અનેક સમસ્યાના ઉપાયો આપેલા છે. પુસ્તકના વાંચન દ્વારા જીવનમાં વેદના, સંવેદના અને આત્મચરિત્રનો વિકાસ થાય તેવી પ્રેરણા મળે છે. પુસ્તકો તરતા મુકવાથી ઘણા બધા લોકો તેનો લાભ લઈ શકે છે. પુસ્તકો જીવનનું અમૂલ્ય ભાથું છે. ઉત્તમ પુસ્તકોના વાંચનથી માનવીનું જીવન બદલાઈ જાય છે.

સ્વર્ણિમ ગુજરાત મહોત્સવના ભાગરૂપે વાંચે ગુજરાત અભિયાન હેઠળ વિદ્યાર્થીઓમાં વાંચન વિકાસ, વાંચન રુચિમાં વધારો કરવા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને તેના કેન્દ્રોએ યોગદાન આપવા નમ્ર અને જ્ઞાનસભર પ્રયાસ કર્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના આ નવતર પ્રયોગ દ્વારા વિદ્યાર્થીઓને માનવ જીવનનું જ્ઞાન પણ મળી રહયું છે. ગુજરાતના ઈતિહાસમાં સોનેરી અક્ષરે લખાય તેવી અભિલાષા સહ.

"પુસ્તકનું મૂલ્ય રત્નથી પણ વિશેષ છે. રત્ન બાહય
ચમક બતાવે છે જ્યારે પુસ્તક અંતઃકરણને અજવાળે છે.
જેને પુસ્તક વાંચવાનો શોખ છે તે સર્વત્ર સુખી
રહી શકે છે. પુસ્તકો મન માટે સાબુનું કામ કરે છે."

– મહાત્મા ગાંધી

## સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત થયેલ સેમિનાર

### ડાંગ સંસ્કૃતિની સ્વર્ણિમગાથા

ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય દ્વારા તા.29-10-2010ના રોજ ડૉ. આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટ આહવા-ડાંગ(સેવાધામ) ખાતે એક દિવસીય સ્વર્ણિમ ગુજરાત કાર્યક્રમ''ડાંગ સંસ્કૃતિની સ્વર્ણિમ ગાથા''નું આયોજન કરેલ હતું. જેમાં ઉદ્‌ઘાટન શ્રી આર. કે. પટેલ (જિલ્લા શિક્ષણ અધિકારી આહવા-ડાંગ), મુખ્ય મહેમાનશ્રી ડૉ. શ્રધ્ધાબેન રાય (બોર્ડ ઑફ મેનેજમેન્ટ મેમ્બર BAOU) અતિથિ વિશેષશ્રીઓ શ્રી વિજય આર. પટેલ (ધારાસભ્ય ડાંગ-વાંસદા) શ્રી ઘેલુભાઈ નાયક (સ્વાતંત્ર્ય સેનાનીશ્રી), શ્રી ગાંડાભાઈ પટેલ (સંચાલકશ્રી - ડાંગ સ્વરાજય આશ્રમ આહવા-ડાંગ) અને સેવાધામના સંચાલકશ્રી દંત્તાભાઈ સાળુકે, શ્રી સંજયભાઈ, શ્રી છગન ચૌર્યા, શ્રી રમેશ ગાગુંડે તથા અન્ય અગણિત મોંઘેરા મહેમાનો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સ્વર્ણિમ ગુજરાત કાર્યક્રમને દિપાવ્યો હતો.



ડાંગ સંસ્કૃતિની સ્વર્ણિમ ગાથા

ડાંગ સંસ્કૃતિની સ્વર્ણિમ ગાથા દ્વારા ડાંગ જિલ્લાનાં અનેકવિધ મૂળ વતનીઓને આ કાર્યક્રમ દ્વારા સ્વર્ણિમ ગુજરાત કાર્યક્રમનો સંદેશો પહોંચે તે હેતુને ધ્યાનમાં રાખીને આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર કાર્યક્રમમાં સ્વર્ણિમ ગુજરાતને સંદેશ પાઠવતા શેરી નાટક સ્પર્ધા, વારલી ચિત્ર સ્પર્ધા અને ડાંગ જિલ્લાની આગવી પ્રખ્યાત સંસ્કૃતિના નૃત્ય જેમ કે ડાંગી નૃત્ય, ઠાકરે નૃત્ય, થાળાવાદ, પાવરી નૃત્ય વગેરેનું ગઠમંથન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શ્રેષ્ઠતાની નોંધ ત્યાંના દૈનિક સમાચાર પત્રો સંદેશ તા.31-10-2010 અને દિવ્ય ભાસ્કર તા.30-10-2010ના રોજ લીધેલ છે. જે યુનિવર્સિટી માટે ગૌરવની વાત છે.



ડાંગ સંસ્કૃતિની સ્વર્ણિમ ગાથા

## The Sixth Pan-Commonwealth Forum on Open Learning (PCF6) Report

The Commonwealth of Learning Vancouver Canada(COL) & Indira Gandhi National Open University, New Delhi (IGNOU) had jointly organized the Sixth Pan Commonwealth Forum on open learning PCF6. It was held from 24-28 November 2010 at Le-Meridien, Cochin Resort and Convention Center Cochi, Kerala, India. The theme of PCF6 was **ACCESS AND SUCCESS IN LEARNING : GLOBAL DEVELOPMENT PERSPECTIVES**. Prof. M. S. Swaminatahn was the Honorary chair Shri John Daniel president, COL and Pro. V. N. Rajshekharan Pillai, Vice- Chancellor, IGNOU were the co-chairs.

Dr. Babasaheb Ambedkar Open University had sponsored nine delegates :

1. Dr. Sharddha Rai (BOM Mem.)
2. Dr. Gaurang Jani (BOM Mem.)
3. Dr. Mahendra Chotlia (BOM Mem.)
4. Dr. Mehul Pandya (Director)
5. Dr. Harish Desai (Registrar)
6. Dr. Chetana Shah (Librarian/A.R.Dev.)
7. Dr. Kusum Sharma (Lecturer-Hindi)
8. Dr. Maiyani (Bhavnagar Uni.)
9. Dr. Urvi Trivedi, ( Rajkot Center)

The Sixth Pan Commonwealth Forum as an international conference had exposed the contribution of open and distance learning to international development goals by opening up access to learning at various level. Approximately 400 Delegates including practitioners, researchers, planners and policymakers from the field of open and distance learning from 70 (Seventy) countries participated in the conference. It provided to opportunity to share experience and expertise and to contribute to future policy and provision. Participants would represent the main commonwealth, Asia and international institutions and agencies active in the field including funding bodies and technological provider.

The Sixth Pan Commonwealth Forum was to concentrate on the gape in access, inclusion and curriculum of open learning to pursue the course of education in the developing world. It would directly impact the developmental agendas. Four main theme were being taken up under the over all theme of access and success as under.




1. Social justice
2. Community Development
3. Skills Development
4. Formal Education

The Commonwealth of Learning's biennial Pan-Commonwealth Forum on Open Learning had grown to welcome a leading international conference on learning and development.

The Sixth Pan Commonwealth Forum brings the forum to India for the first time, jointly organized by the Commonwealth of learning (COL) and Indira Gandhi National Open University (IGNOU), coinciding with the completion of 25 years of IGNOU.

As promised, the participatory dialogical sessions at the PCF were deeply satisfying and enriching. All are look forward to future PCFs.

Chetana Shah

# સાર્વજિનક ગ્રંથાલયોની સમાજના સર્વાંગી ઉત્કર્ષમાં ભૂમિકા : દૂરવર્તી શિક્ષણના પરિપ્રેક્ષ્યમાં

ગ્રંથાલય એ જાહેર જનતાની વિદ્યાપીઠ અને ચિરવર્ધમાન સંસ્થા છે. ગ્રંથાલય શિક્ષણનું જોડાણ કરાવે છે. અશિક્ષિત વર્ગ માટે શિક્ષણનું જોડાણ ગ્રંથાલય કરાવે છે. જે લોકો નિશાળે જવાનું વટાવી ચૂકયા છે તે લોકોને ફરી નિશાળે અભ્યાસ માટે ન બેસાડી શકાય તેવા લોકો માટે દૂરવર્તી શિક્ષણ અને ગ્રંથાલય દ્વારા તેમની જરૂરિયાત પૂરી પાડી શકાય.

સમાજના ઉત્કર્ષમાં શિક્ષણ અને સાર્વજનિક ગ્રંથાલયોની ભૂમિકા રહેલ છે. શિક્ષણ એ પ્રત્યેક વ્યકિતનો મૂળભૂત, જન્મસિદ્ધ અને અબાધિત અધિકાર છે. આમ છતાં આર્થિક અને સામાજિક રીતે અવલોકીએ તો તેને સંપૂર્ણપણે સંતોષી શકાતી નથી. વસ્તી વધારાને પરિણામ સ્વરૂપ પ્રવેશાર્થીનો અપ્રતિમ ધસારો અને બીજી બાજુ શૈક્ષણિક સંસ્થાની નિયત સંખ્યામાં પ્રવેશ મર્યાદાને લીધે સૌ કોઈને ઉચ્ચ શિક્ષણની તક મળતી નથી. અંતરિયાળ વિસ્તારમાં લોકો મોટે ભાગે ઔપચારિક શિક્ષણથી વંચિત રહી જાય છે. આના પરિણામ સ્વરૂપ દૂરવર્તી શિક્ષણનો જન્મ થયો.

શિક્ષણનું અવિભાજ્ય અંગ ગ્રંથાલય છે. જ્ઞાનને સમાજ સુધી પહોંચાડવાનું કામ ગ્રંથાલયોનું છે. ગ્રંથાલયના અને દૂરવર્તી શિક્ષણના માધ્યમો દ્વારા સમાજની જરૂરિયાત મુજબનું શિક્ષણ અને માહિતી સમાજ સુધી પહોંચાડી સમાજના સર્વાંગી વિકાસમાં એકબીજાના પૂરક બની વિકાસ કરવાનો છે. આધુનિક સમયમાં ગ્રંથાલયોનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે.

સાર્વજનિક ગ્રંથાલય એટલે "દરેકને માટે ખુલ્લા દ્વાર" તે જ રીતે દૂરવર્તી શિક્ષણ એટલે "દરેકને માટે ખુલ્લું શિક્ષણ" સાર્વજનિક ગ્રંથાલય એ એવી સંસ્થા છે જે લોકો અને લોકો વડે સ્થપાયેલ સંસ્થા અને દૂરવર્તી શિક્ષણ એટલે "શિક્ષણનું લોકશાહીકરણ" સાર્વજનિક ગ્રંથાલય એટલે એવી સંસ્થા છે કે જે લોકો માટે અને લોકો દ્વારા સ્થપાયેલ હોય અને સમાજની દરેક વ્યક્તિને સમાન અને યોગ્ય સ્વશિક્ષણની તક પૂરી પાડતું હોય. જ્ઞાનને સમાજ સુધી પહોંચાડવાનું કામ અત્યંત મહત્ત્વનું છે. આ માટે ગ્રંથાલય એ સૌથી અગત્યનું ઔપચારિક શિક્ષણનું અવિભાજ્ય અંગ અને માધ્યમ છે.

## ૧. દૂરવર્તી શિક્ષણ અને સાર્વજનિક ગ્રંથાલયના હેતુઓ :-

મોટેભાગે જોઈએ તો સાર્વજનિક ગ્રંથાલય અને દૂરવર્તી શિક્ષણના હેતુઓ, વ્યાખ્યાઓ અને ઉદ્દેશો સમાન છે.

(૧) વ્યકિતને જીવનપર્યંત સ્વશિક્ષણ માટે સહાયભૂત થવું. (૨) વ્યક્તિને જરૂરી શિક્ષણ અને માહિતી પૂરી પાડવા.
(૩) ઘરે બેઠા શિક્ષણ અને સેવા. (૪) ફુરસદના સમયનો ઉપયોગ.
(૫) લોક વિશ્વવિદ્યાલય.

ગ્રંથાલય સમાજનું સાંસ્કૃતિક સ્તર ઊંચું લાવે છે. તેવી જ રીતે દૂરવર્તી શિક્ષણ દ્વારા લોકોનું સમાજમાં શૈક્ષણિક આર્થિક અને સામાજિક સ્તર ઊંચું આવે છે. ગ્રંથાલય સાહિત્યને લગતી માહિતી ઉપરાંત સામાન્ય જ્ઞાન વૈધિકસ્તર, સાંસ્કૃતિક સ્તર, વિસ્તૃત થાય તેમજ વેપાર, વાણિજ્ય, ઉદ્યોગ, મનોરંજન વગેરે વાંચન સાહિત્ય અને માહિતી પૂરી પાડે છે તે વ્યકિતના સર્વાંગી વિકાસમાં ઉપયોગી બને છે.

## ૨. સાર્વજનિક ગ્રંથાલયની ભૂમિકા :-

(૧) કૉમ્યુનિટી સેન્ટર તરીકે (૨) નિરંતર શિક્ષણના માધ્યમ તરીકે
(૩) વિચાર વિનિમયના વૈકલ્પિક સ્થળ તરીકે (૪) સમાજના ઉત્કર્ષમાં
(૫) જ્ઞાનના સંવાહક તરીકે (૬) શિક્ષણ સહાયક તરીકે
(૭) વ્યક્તિત્વ વિકાસ (૮) સ્વશિક્ષણના કેન્દ્ર તત્ત્વો (૯)સમાજના સર્વાંગી વિકાસ માટે

સાર્વજનિક ગ્રંથાલયોનો મહત્તમ ઉપયોગ કરવા માટે "રોડ પર કામ કરતા મજૂરના દીકરા માટે, ખેતી કરતા ખેતમજૂરના દીકરા માટે, અગરિયાના દીકરા માટે, અંતરિયાળ વિસ્તારમાં રહેતા લોકો માટે" સાર્વજનિક ગ્રંથાલય શું આપી શકે તે વિશે વિચારીએ તો સાર્વજનિક ગ્રંથાલયને દૂરવર્તી શિક્ષણ સાથે જોડીને શિક્ષણ દ્વારા સારા નાગરિક પૂરા પાડવાનો પ્રયત્ન કરીએ. સાર્વજનિક ગ્રંથાલયોના ઉત્કર્ષ માટે દૂરવર્તી શિક્ષણ અને દૂરવર્તી શિક્ષણના વિકાસમાં સાર્વજનિક ગ્રંથાલયોને જોડી શકાય. દૂરવર્તી શિક્ષણ નિરંતર ચાલતી પ્રક્રિયા છે. આપણો દેશ **India** અને ભારત એમ બે ભાગમાં વહેંચાયેલો છે. ભારત એટલે મોટા ભાગનો દેશ કે જે ગામડાં ઓનો બનેલો અને અંતરિયાળ વિસ્તાર છે. દૂરવર્તી શિક્ષણના કેન્દ્રો અંતરિયાળ વિસ્તારમાં ગામડાંમાં ચોમેર ફેલાયેલા છે. તેવી જ રીતે સાર્વજનિક ગ્રંથાલય ગામડાંમાં ગ્રામગ્રંથાલય, શહેર ગ્રંથાલયમાં વિસ્તરેલ છે. ખરો દેશ ભારત છે કે જે ગામડાંમાં વસે છે એ દેશના વિકાસમાં શિક્ષણના વિકાસમાં સાર્વજનિક ગ્રંથાલય અને દૂરવર્તી શિક્ષણ પરસ્પર ગોઠવવામાં આવે તો જરૂર સાર્વજનિક ગ્રંથાલયનો ઉપયોગ વધશે.

દૂરવર્તી શિક્ષણના કેન્દ્રો અને ગ્રામ્ય ગ્રંથાલયોને જોડી ફરતાં પુસ્તકાલયો અને ફરતા અભ્યાસ કેન્દ્રો દ્વારા "દૂરવર્તી શિક્ષણના વિકાસમાં સાર્વજનિક ગ્રંથાલય અને સાર્વજનિક ગ્રંથાલયના વિકાસમાં દૂરવર્તી શિક્ષણ" એક સિક્કાની બે બાજુ પૂરવાર થશે.

## ૩. સમાજમાં દૂરવર્તી શિક્ષણ અને ગ્રંથાલયોનું સ્થાન :

- આજીવન શિક્ષણ
- સામાજિક વારસાનું વહન
- વ્યવસાય
- સામાજિક પરિવર્તન
- ફાજલ સમયનો ઉપયોગ
- લોકશાહીની સફળતામાં પ્રદાન
- સમાન તક

## ૪. સાર્વજનિક ગ્રંથાલય અને દૂરવર્તી શિક્ષણનો જન સમૂહ :

સાર્વજનિક ગ્રંથાલય દ્વારા જે વિવિધ સેવાઓ આપવામાં આવે છે તે જ દૂરવર્તી શિક્ષણનો જન સમૂહ છે.

સાર્વજનિક ગ્રંથાલય જનસમૂહ

બાળકો | દર્દીઓ | સાગરખેડુઓ | કેદીઓ | અંધજનો | વિકલાંગ | પ્રૌઢો | મહિલાઓ

## ૫. દૂરવર્તી શિક્ષણ અને સાર્વજનિક ગ્રંથાલયના કાર્યો :

સાર્વજનિક ગ્રંથાલયને સમાજનું વિશ્વ વિદ્યાલય કહેવામાં આવે છે. જ્ઞાન મેળવવા માટે સમાજના બધા સ્તરની વ્યકિતઓ માટે સાર્વજનિક ગ્રંથાલયોના દ્વાર ખુલ્લા જ છે. તેવી જ રીતે દૂરવર્તી શિક્ષણ મેળવવા માટે સમાજના બધા સ્તરના વ્યક્તિઓ માટેના દ્વાર ખુલ્લા છે. સાર્વજનિક ગ્રંથાલય અને દૂરવર્તી શિક્ષણ એ એવી સામાજિક સંસ્થા છે કે જે નિરંતર સમાજના કલ્યાણમાં પ્રવૃત્ત રહીને ભણેલા અને અભણેલા સૌને માટે સમાજરૂપે જ્ઞાનનું વિસ્તરણ કરે છે.




### ૫.૧ સમયનો સદ્‌ઉપયોગ :

ફુરસદના સમયે વ્યક્તિ સમયનો ઉપયોગ કરીને દૂરવર્તી શિક્ષણ મેળવી શકે છે અને ગ્રંથાલયના ઉપયોગ દ્વારા સ્વ-વિકાસ માટે શિક્ષણ મેળવીને સ્વ-વિકાસ કરી શકે છે.

### ૫.૨ સતત શિક્ષણ :

શિક્ષણ બે રીતે અપાય છે. ઔપચારિક શિક્ષણ અને અનઔપચારિક શિક્ષણ. ઔપચારિક શિક્ષણ વર્ગખંડમાં અપાય છે, જ્યારે અનઔપચારિક શિક્ષણ વગખંડની બહાર અપાય છે. શિક્ષણને સદા સર્વદા જીવંત રાખવાનું કામ ગ્રંથાલય કરે છે. જ્યારે સતત શિક્ષણ આપવાનું કામ દૂરવર્તી શિક્ષણ કરે છે.

### ૫.૩ સામાજિક પરિવર્તન :

પુસ્તકોના ઉપયોગ દ્વારા સામાજિક ક્રાંતિના દાખલા ઇતિહાસમાં નોંધાયેલા જોવા મળે છે. ગ્રંથાલયમાં સંગૃહિત વાંચન સામગ્રી દ્વારા વ્યક્તિ પોતાનું ઘડતર સ્વયં કરી શકે છે. દૂરવર્તી શિક્ષણ દ્વારા શિક્ષણ મેળવી સામાજિક મોભો પ્રાપ્ત કરી શકે છે.

### ૫.૪ પ્રત્યાયન પ્રૌદ્યોગિકીનો ઉપયોગ :

સમય બચાવવાના માધ્યમ તરીકે ગ્રંથાલયો અને દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં આઈ.ટી.નો ઉપયોગ થાય છે. ગ્રંથાલયમાં આવતા દરેક વાચકને સમયની કિંમત હોય છે. જ્યારે દૂરવર્તી શિક્ષણના વિદ્યાર્થી પાસે સમયનો અભાવ હોય છે. આથી આ બંને માટે જરા પણ સમય બગડે નહીં તેવા માધ્યમોનો ઉપયોગ કરીને સેવાઓ પૂરી પાડવામાં આવે છે. ગ્રંથાલયમાં દૂરવર્તી શિક્ષણમાં મુક્ત પ્રવેશ દ્વારા વિદ્યાર્થીનો સમય બચે છે.

### ૫.૫ જ્ઞાનવર્ધન :

સાર્વજનિક ગ્રંથાલયના સ્રોતો જ્ઞાનવર્ધન કરે તેવા હોવા જોઈએ. આ માટે સામયિકો, પુસ્તકો અને ઓડિયો-વીડિયોના ઉપયોગ દ્વારા ગ્રંથાલય સેવા આપવી જોઈએ. જ્યારે દૂરવર્તી શિક્ષણ બહુ માધ્યમ પ્રણાલી દ્વારા અપાતું હોવાથી માધ્યમોના ઉપયોગથી વિદ્યાર્થીના જ્ઞાનમાં વધારો થાય છે. તે નવીન ટેક્નોલૉજીથી વાકેફ થાય છે. અને તેનો મહત્તમ ઉપયોગ થાય તેવા પ્રયાસો દ્વારા પોતાના જ્ઞાનમાં વધારો કરે છે.

## ૬. સાર્વજનિક ગ્રંથાલયો અને દૂરવર્તી શિક્ષણના માહિતી સ્રોત :

| ગ્રંથાલય | દૂરવર્તી શિક્ષણ |
|---|---|
| પુસ્તક | અભ્યાસ સામગ્રી |
| સંદર્ભ ગ્રંથો | સંદર્ભગ્રંથો |
| ઈ-બુક્સ | ઈ-મટીરિયલ |
| ઓડિયો-વીડિયો | ઉપગ્રહ આધારિત શિક્ષણ |

## ૭. ઉપસંહાર :-

સાર્વજનિક ગ્રંથાલયો અને દૂરવર્તી શિક્ષણના આંતરિક અને બાહ્ય બંને પાસાઓને ધ્યાનમાં રાખીને જોઈએ તો બંને સમાજનું ઘડતર કરવામાં મદદરૂપ થાય છે. તમામ માટે શિક્ષણ અને ઉપયોગી ગ્રંથ પૂરો પાડે છે, તેમજ તેમને જીવન જરૂરી વિવિધ માહિતી અને શિક્ષણ પૂરું પાડે છે. આદર્શ સમાજની રચનામાં બંને મહત્ત્વનો ભાગ ભજવે છે. ગ્રંથાલય એ "લોકશાહીની પ્રયોગશાળા છે." તો દૂરવર્તી શિક્ષણ એ શિક્ષણનું લોકશાહીકરણ છે. આમ, સાર્વજનિક ગ્રંથાલયને લોકોનું, લોકો વડે અને લોકો માટેનું ગ્રંથાલય છે. થોડું ભણીને ભણતર છોડી દેનાર માટે કે શિક્ષક, માર્ગદર્શક અને શિક્ષણ પૂરું કરવાનો આજીવન સથવારો દૂરવર્તી શિક્ષણ છે. સાર્વજનિક ગ્રંથાલય એ સમાજનું વિશ્વવિદ્યાલય છે. જ્યાં દૂરવર્તી શિક્ષણ પ્રણાલીની જેમ પ્રવેશ માટેનાં કોઈ બંધનો નથી કે મર્યાદા નથી. આમ સાર્વજનિક ગ્રંથાલયના સ્રોતનો મહત્તમ ઉપયોગ કરવા માટે "ગ્રંથાલયમાં દૂરવર્તી શિક્ષણ અને દૂરવર્તી શિક્ષણમાં ગ્રંથાલય" એ રીતે પરિપૂર્તિ કરવામાં આવે તો બંનેના સ્રોતનો મહત્તમ ઉપયોગ કરી સમાજનો સર્વાંગી વિકાસ સાધી શકાય.

ચેતના શાહ

## યુનિવર્સિટીનું ગૌરવ

૧. ભટ્ટી નરેન્દ્રભાઈ નાગરભાઈ ઈ.સ.૨૦૦૦ થી આ યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં જોડાઈ C.C.C, B.A., M.G.T. સુધીનો અભ્યાસ કરેલ છે. તેઓ લીંબડી કેળવણી મંડળની શાળા, શ્રી ચીમનલાલ ચકુભાઈ હાઈસ્કૂલ, પાણશીણામાં પટાવાળાની ફરજ બજાવે છે. આ યુનિવર્સિટી દ્વારા કરેલ અભ્યાસક્રમથી ખૂબ જ લાભ થયેલ છે. મેળવેલ શિક્ષણને કારણે તેમને શિક્ષક દરજ્જાનું તેમજ વહીવટી કામકાજ સોંપવામાં આવે છે. તદ્ઉપરાંત તેમની પાસે કૉમ્પ્યુટરનું જ્ઞાન હોવાથી કૉમ્પ્યુટરનું તેમજ ગામમાં પણ કોઈ જાહેર સેવાનું તેમને કામ સોંપે છે અને તેમની શિક્ષિત માણસમાં ગણતરી થાય છે. તેથી તેઓ આ યુનિવર્સિટીનો ખૂબ ખૂબ આભાર માને છે. અને તેમાં કુસુમબેન શર્માએ તેમને જરૂરી માહિતી પૂરી પાડેલ છે. શિક્ષણ પ્રાપ્ત કરવાની તક મળી તે બદલ તેઓ યુનિવર્સિટીના સદા ઋણી છે. તે બદલ તેઓ નીચે મુજબના પોતાના વિચારો રજૂ કરે છે.

અમને ચડ્યો જે રંગ, તે કદી જાશો નહીં. મસ્તક જાજો અમારા પણ અમારી ઓપન યુનિવર્સિટીની આબરૂ જાશો નહી.

૨. ગરાસિયા રેખાબેન મંગુભાઈ, મુ. પો. મારગાળા, તા.ફતેપુરા, જિ.દાહોદ-૩૮૯૧૯૦,સંસ્થાનું નામઃ પ્રકૃતિ ફાઉન્ડેશન, દાહોદ.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં હાલ હું MSW માં અભ્યાસ કરું છું. જેમાં પ્રથમ વર્ષમાં મને સમન્વય રિસોર્સ સેન્ટર સંસ્થા દેવગઢ બારીયામાં ફિલ્ડવર્કની કામગીરી સોંપવામાં આવી. સંસ્થામાં મુલાકાત કર્યા બાદ મને તેમાં ફિલ્ડવર્ક કરી નવું-નવું જાણવાની ખૂબ ઈચ્છા થઈ અને રસપૂર્વક કામ કર્યું. મારી કામગીરી ફિલ્ડવર્ક દરમ્યાન જોઈને સમન્વયનાં કાર્યકરોએ અરજી અપાવી અને મને સિલેક્ટ કરવામાં આવી પરંતુ મારા રહેઠાણના સ્થળથી તો ૭૦ કિ.મી. દૂર હોવાના કારણે મેં ના પાડી. મને ફોન કરીને પગાર વધારે આપવા પણ જાણ કરી તે વખતે મને અપ-ડાઉન કરવાની ખૂબ જ તકલીફ પડતી એટલે મેં ના પાડી.

ત્યારબાદ બીજા વર્ષના ફિલ્ડવર્ક દરમ્યાન મને યુનિવર્સિટીમાંથી લેટર દ્વારા જણાવવામાં આવ્યું કે તમે સ્વૈચ્છિક સંસ્થામાં ફિલ્ડવર્ક કરવા માટે મંજૂરી મેળવી મંજૂરી લેટર સંસ્થાને મોકલી આપો એટલે હું મંજૂરી માટે પ્રકૃતિ ફાઉન્ડેશન, ઝાલોદમાં આવેલી સ્વૈચ્છિક સંસ્થામાં ગઈ, સંસ્થાના નિયામકશ્રી રાજેન્દ્રકુમાર જયસ્વાલે મને હા પાડી અને મંજૂરી લેટર લખી આપ્યો અને પ્લેસમેન્ટ માટે હાજર થવા જણાવી સંસ્થાનાં કાર્યકરો સાથે કામ કરવા જણાવ્યું. ફિલ્ડવર્ક દરમ્યાન સંસ્થામાં મારો પરિચય થયો અને મેં અભ્યાસ વિશે જણાવ્યું એટલે તેમણે મને કાર્યકર તરીકે જોડાવા અરજી લખીને આપવા જણાવ્યું. આ પહેલાં મેં એ જ સંસ્થામાં અરજી આપી હતી પણ મને કોઈ જવાબ મળ્યો ન હતો અને ફિલ્ડવર્ક દરમ્યાન મેં અનુભવ કર્યો અને સંસ્થામાં કામ કર્યું. તેનાથી મને એક નોકરીની તક મળી. મારા જ્ઞાનમાં વધારો થયો. આજે હું પોતે એક કાર્યકર છું, મારા પગભર છું, તેનો મને સંતોષ છે. તે બદલ હું પહેલાં તો ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો આભાર માનું છું. તેમજ મારા અભ્યાસ અર્થે સંકળાયેલ સહકાર્યકર મિત્રોનો આભાર માનું છું.

(આ પહેલાં હું પોતે બહાર નીકળતા ડરતી હતી પણ સંસ્થામાં જોડાયા પછી હવે મને હિંમત આવી અને સહેલાઈથી હું સ્થળાંતર કરી શકું છું. તેનો મને ખૂબ ગર્વ છે.)

## પરિચય બેઠક :

શ્રી સી. એચ. શાહ મૈત્રી વિદ્યાપીઠ મહિલા કૉલેજ ઑફ એજ્યુકેશન, સુરેન્દ્રનગર ખાતે તા.૧૨-૧૨-૨૦૧૦ને રવિવારે સવારે ૧૦:૦૦ વાગ્યે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અને જાણીતા કેળવણીકાર શ્રી નાગજીભાઈ દેસાઈની નિશ્રામાં આંબેડકર યુનિવર્સિટીના નવા પ્રવેશાર્થીઓનો સ્વાગત અને કાઉન્સેલીંગ પ્રોગ્રામ યોજાયો.

આ પ્રસંગે સંસ્થાના મંત્રી ડૉ. જયશ્રીબેન દેસાઈએ સંસ્થા પરિચય તથા શિક્ષણ અંગે સંસ્થાના પ્રદાન અંગે વિગતે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. મહેશ રાવલ તથા પ્રોગ્રામ કો-ઑર્ડિનેટર ડૉ. કેતન ગોહિલે સમગ્ર વર્ષ દરમ્યાન કરવાના પ્રાયોગિક કાર્યો તથા અભ્યાસકીય બાબતોની વિગતે સમજ આપી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના પ્રાધ્યાપક ડૉ.બળવંત વ્યાસ દ્વારા કરવામાં આવ્યું.

## પ્રાસંગિક :

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તેમજ આર. સી. ટૅકનિકલ ઈન્સ્ટિટયુટના સંયુક્ત ઉપક્રમે આર. સી. ટૅકનિકલ ઈન્સ્ટિટયુટના પટાંગણમાં 62 મા પ્રજાસત્તાક દિનની ઉજવણી આર. સી. ટૅકનિકલના પ્રિન્સિપાલ દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવીને કરવામાં આવેલ.

રાષ્ટ્રપર્વના આ કાર્યક્રમમાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના નિયામકશ્રી ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત બંને સંસ્થાના કર્મચારી, વ્યાખ્યાતાશ્રી, અધિકારીશ્રી અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આર. સી. ટૅકનિકલના પ્રિન્સિપાલે પ્રસંગોચિત પ્રવચન આપ્યું હતું. ત્યારબાદ આર. સી. ટૅકનિકલના વિદ્યાર્થીઓ દ્વારા પરેડનો કાર્યક્રમ કરવામાં આવ્યો.

## ગૌરવ આપણા સૌનું :

શ્રી નિમેશ ચંદ્રા હેડ ઑફ ધ રીસર્ચ મેગેઝિન, કેરિયર ૩૬૦ દ્વારા ભારતની (DL) Distance Learning દ્વારા શિક્ષણ આપતી યુનિવર્સિટી અને ઈન્સ્ટિટયુટ પર એક સર્વે કરવામાં આવેલ. આ સંશોધન માટે પ્રશ્નાવલી અને મુલાકાત પદ્ધતિ દ્વારા પસંદગી કરેલ યુનિવર્સિટી અને કેન્દ્રોની મુલાકાત લઈ તથા પ્રશ્નાવલી મોકલી માહિતી એકત્રિત કરવામાં આવેલ. પ્રોજેક્ટના વિશ્લેષણ માટે રેન્કિંગ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ.સદર સંશોધન મુખ્ય નીચેની ચાર મહત્ત્વની બાબતો પર કરવામાં આવેલ. જેમાં નીચેની વિગતે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને રેન્ક મળે છે.

| | વિગત | રેન્ક | પોઈન્ટ |
|---|---|---|---|
| 1. | Over all | 9 | 500 |
| 2. | Reasearch & reach | 19 | 33.37 |
| 3. | Learning & experience | 11 | 220.80 |
| 4. | Result & efficiency | 6 | 246.23 |

સર્વે જોતાં Result & efficiencyમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી છઠ્ઠા ક્રમે આવે છે તે યુનિવર્સિટી માટે અને ગુજરાત માટે ગૌરવની વાત છે. ગુજરાતના સ્વર્ણિમ જ્યંતિના વર્ષમાં આ સ્થાન ગુજરાતની સ્ટેટ ઓપન યુનિવર્સિટીને મળેલ છે તે ખૂબ જ ગૌરવની વાત છે. આ વાતથી યુનિવર્સિટીના સઘળા અધિકારીશ્રી અને કર્મચારીઓ ખૂબ જ આનંદની લાગણી અનુભવે છે. સદર સર્વે તા.11 Aug 2010ના હિન્દુસ્તાન ટાઈમ્સમાં પ્રસિદ્ધ થયેલ છે.

## પરિસંવાદ/પ્રતિનિધિત્વ અને અન્ય

૧. ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી, હૈદરાબાદ (A.P.) દ્વારા તા. 20-21 ઓક્ટોબરના રોજ Open Distance Learning - Learner support service : Role of Media વિષયક રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવેલ. જે અંતર્ગત યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી ભાવિનભાઈ ત્રિવેદી તથા શ્રી ધવલભાઈ પંડ્યાએ આ પરિસંવાદમાં હાજરી આપેલ. જેમાં Open Distance Learning માં Mediaની વિવિધ ભૂમિકાઓ પર તજજ્ઞો દ્વારા પોતાના વિચારો રજૂ કરવામાં આવેલ.

યુનિવર્સિટીના ડૉ.ધવલભાઈ પંડ્યા દ્વારા **"Role of Media in Creating awareness about ODL system** પર પોતાના વિચારો સાથે પેપર રજૂ કરવામાં આવેલ.

શ્રી ભાવિનભાઈ ત્રિવેદી દ્વારા ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટીના પરીક્ષા વિભાગની મુલાકાત લેવામાં આવેલ તેમજ બંને યુનિવર્સિટીની પરીક્ષાલક્ષી કાર્યપદ્ધતિ વિશે ચર્ચા કરવામાં આવેલ.

૨. ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ અને ભાવનગર જિલ્લા ઉચ્ચતર માધ્યમિક ગ્રંથપાલ મંડળ, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનો ૨૯ મો ગ્રંથાલય પરિસંવાદ તા. ૨૧, ૨૨, ૨૩ જાન્યુઆરી ૨૦૧૧ના રોજ "Social Responsibility of Libraries in Development of Society વિષય પર પાલિતાણા મુકામે યોજાયેલ.

આ પરિસંવાદમાં હાજર રહી ગ્રંથપાલ ડૉ. ચેતના શાહ દ્વારા "Role of school Libraries and Librarians in Creating Sustainable Reading Habits Amongst children" વિષય પર પેપર રજૂ કરવામાં આવેલ. સદર પેપર ગ્રંથાલય પરિસંવાદ પ્રસંગે રજૂ થનાર લેખોના સંપૂટમાં પ્રકાશિત થયેલ છે. તદ્ઉપરાંત આ યુનિવર્સિટી દ્વારા ચાલતા બેચલર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સના પ્રચાર-પ્રસાર માટે ૨૦૧૦ ની માહિતી પુસ્તિકાનું વિતરણ કરવામાં આવેલ. જેની પરિસંવાદમાં હાજર રહેલ સભ્યોએ નોંધ લીધેલ.

## યુનિવર્સિટીમાં શરૂ થનાર નવો અભ્યાસક્રમ:

### ડિપ્લોમા ઈન સંસ્કૃત લેંગ્વેજ"

ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વ વિદ્યાલયમાં પ્રવેશ સત્ર ઓગષ્ટ-2011 થી નવા અભ્યાસક્રમ"ડિપ્લોમા ઈન સંસ્કૃત લેંગ્વેજ" શરૂ થઈ રહેલ છે. આ અભ્યાસક્રમ ગુજરાત રાજ્યમાં સંસ્કૃત ભાષા શીખવા ઈચ્છતા ભાઈ-બહેનોને સંતોષકારક નીવડશે. હાલમાં યુનિવર્સિટીએ **"CBCS"** કાર્યક્રમ અંતર્ગત કચ્છ, પાટણ, ભાવનગર, ખેરવા, ગાંધીનગર પાંચ યુનિવર્સિટીઓ સાથે "ચોઈસ બેઈઝ ક્રેડિટ સિસ્ટમ" (અભ્યાસ માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વ વિદ્યાલયમાં ચાલતા વિષયોમાંથી વિષય પસંદગી કરવી) અન્વયે **"MOU"** થયેલ છે. જેના આધારે ઉપરોકત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પણ **16** ક્રેડિટના અભ્યાસક્રમની પસંદગીમાં સદર ડિપ્લોમા અભ્યાસક્રમની પસંદગી કરી સંસ્કૃત ભાષા શીખવાની તકનો લાભ મેળવી શકશે. જેથી રાજ્યમાં સંસ્કૃત ભાષાનો પ્રચાર-પ્રસાર વધશે.

## SATODL/Radio કાર્યક્રમો

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તેમજ **IGNOU** ના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રની એક માત્ર શૈક્ષણિક **F. M. Channel** "જ્ઞાનવાણી" પરથી દર મહિનાના ત્રીજા રવિવારે વિદ્યાર્થીઓના મૂંઝવતા પ્રશ્નો ધ્યાને લઈ **"Live - Phone - in"** કાર્યક્રમ પ્રસારિત કરવામાં આવે છે.

આ કાર્યક્રમ અંતર્ગત તા.**17-10-10** અને વિજયા દશમીના રોજ "'કામધેનુ' મોબાઈલ સ્ટડી સેન્ટરવાન અને શૈક્ષણિક ક્ષેત્રે તેનું પ્રદાન" વિષય પર તજજ્ઞશ્રી કૌશિકભાઈ પંડયાએ તેમની અભિજ્ઞતાનો લાભ આપેલ. આ કાર્યક્રમનું સંચાલન યુનિવર્સિટીના પ્રાધ્યાપક શ્રી હરદિપસિંહ ગોહિલ દ્વારા કરવામાં આવેલ.

આપણી યુનિવર્સિટી દ્વારા રાજયની અન્ય પાંચ યુનિવર્સિટીઓ સાથે **CHOICE BASED CREDIT SYSTEM** અંતર્ગત **MOU** કરવામાં આવેલ. જે બાબતને ધ્યાને લઈ યોજવામાં આવેલ **"Live - Phone - in"** કાર્યક્રમ કે જેનો વિષય **"CHOICE BASED CREDIT SYSTEM** અને ગુજરાતી ઉચ્ચ શિક્ષણ જગતમાં તેની ઉપયોગિતા" રાખવામાં આવેલ. તા.**19-12-10**ના રોજ યોજવામાં આવેલ આ કાર્યક્રમમાં આપણી યુનિવર્સિટીના ભૂજ પ્રાદેશિક કેન્દ્ર પર ઈ/ચા. પ્રાદેશિક નિયામક તરીકે ફરજ બજાવતા શ્રી ડી. એમ. બકરાણીયાએ વિષય અંગેની પોતાની જાણકારીનો લાભ આપેલ. આ કાર્યક્રમનું સંચાલન આપણી યુનિવર્સિટીના પ્રાધ્યાપક શ્રી ગોહિલ હરદિપસિંહ દ્વારા કરવામાં આવેલ.

જાન્યુઆરી માસનો ત્રીજો રવિવાર, એટલે **16-01-11**ના રોજ પ્રસારિત થયેલ "જ્ઞાનવાણી" પરના **"Live - Phone - in"** કાર્યક્રમ માટેનો વિષય "કામધેનુ મોબાઈલ સ્ટડી વાન અને તેના ગુજરાતના વિવિધ સ્થળોએ થયેલા અનેકવિધ પ્રત્યક્ષ લોકાનુભવો" રાખવામાં આવેલ. આ કાર્યક્રમમાં વિષય તજજ્ઞ તરીકે આપણી યુનિવર્સિટીના પાટણ પ્રાદેશિક કેન્દ્ર પરના પ્રાદેશિક નિયામકશ્રી રેવડીવાળા સાહેબની સાથે આર્ટ્સ - કોમર્સ કૉલેજ રાધનપુરના પ્રાચાર્યશ્રી સી. એમ. ઠક્કરસાહેબ હાજર રહેલ. જયારે કાર્યક્રમનું પરિચાલન શ્રીમતી ચેતનાબેન શાહે કરેલ.

## NGO મેનેજમેન્ટ અભ્યાસક્રમ

NGO મેનેજમેન્ટ સર્ટીફિકેટ અભ્યાસક્રમ(CNM) યુનિવર્સિટીમાં પ્રથમવાર લગભગ **34** જેટલા અભ્યાસ કેન્દ્રો પર ઓગષ્ટ-**2010-11** થી શરૂઆત કરવામાં આવેલ છે. પ્રથમ તબક્કામાં **67** વિદ્યાર્થીઓએ આ અભ્યાસક્રમમાં પ્રવેશ લીધેલ છે.

## Ph.D

પી.એચ.ડી. વિભાગ દ્વારા ચાલુ વર્ષ દરમ્યાન **45** વિદ્યાર્થીઓને નોટીફિકેશન આપવામાં આવ્યા અને બાકી જમા કરાવેલ મહાશોધનિબંધ મુજબ તેના રિપોર્ટ આવેથી **viva-voce** નું આયોજન કરવામાં આવશે. યુનિવર્સિટી દ્વારા પી.એચ.ડી. મહાશોધનિબંધ મૂલ્યાંકન બાબતે નવું માળખું તૈયાર કરવામાં આવેલ તે મુજબ મહાશોધનિબંધ મૂલ્યાંકન રિપોર્ટ મંગાવવાની કામગીરી કરવામાં આવશે.નોટીફિકેશન મેળવેલ વિદ્યાર્થીઓને ડિગ્રી સર્ટીફિકેટ માટેના ફોર્મ વિદ્યાર્થીના ઘેર મોકલવામાં આવ્યા.

## S.C./S.T. Cell

પાટણ, સાબરકાંઠા, બનાસકાંઠા, અમદાવાદ, ગાંધીનગરથી આવેલ શિષ્યવૃત્તિ મંજૂર થયેલ વિદ્યાર્થીઓને મોકલવાની કામગીરી ચાલુ છે. **2010** ઓગષ્ટનાં શિષ્યવૃત્તિના ફોર્મ અભ્યાસ કેન્દ્રો પર મોકલવામાં આવેલ છે. જે ભરી વિદ્યાર્થીઓને આપેલ સમયમર્યાદા પૂર્તતા કરી વિદ્યાર્થીઓના શિષ્યવૃત્તિના ફોર્મ સ્વીકારવામાં આવશે. જેની નોંધ વિદ્યાર્થીઓએ અને

અભ્યાસકેન્દ્ર ઈન્ચાર્જશ્રીએ લેવી. જેથી જે-તે સત્રની કામગીરી સમયસર પૂર્ણ કરી શકાય. જેથી સમય મર્યાદાને ધ્યાનમાં લઈ શિષ્યવૃત્તિના ફોર્મ યુનિવર્સિટી ખાતે જમા કરાવવા.

૧. વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિના ફોર્મ સેન્ટર પર જણાવેલ ઓગષ્ટ-2010નાં ફોર્મ તા.15-05-2011 સુધીમાં ભરી મોકલી આપવાના રહેશે. તે પછી આવેલ શિષ્યવૃત્તિના ફોર્મ સ્વીકારવામાં આવશે નહી. જેની નોંધ વિદ્યાર્થીઓએ અને અભ્યાસકેન્દ્રોએ લેવી.

૨. અભ્યાસકેન્દ્ર પરથી વિદ્યાર્થીઓને ફોર્મ ભરવાની છેલ્લી તારીખની જાણ કરવાની રહેશે. અભ્યાસ સેન્ટર અને વિદ્યાર્થીઓએ 2007, 2008, 2009 નાં જૂના શિષ્યવૃત્તિના ફોર્મ ભરી મોકલવા નહિ, જે-તે વર્ષની કામગીરી પૂર્ણ થયેલ હોવાથી ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.

૩. શિષ્યવૃત્તિના ફોર્મમાં ફોર્મ સંપૂર્ણ વાંચ્યા બાદ ચેક લિસ્ટ મુજબ ભરવું. જેથી યુનિવર્સિટી દ્વારા વારંવાર વિદ્યાર્થીને ક્ષતિપૂર્તતા માટે મોકલવા ન પડે તેની કાળજી રાખી શિષ્યવૃત્તિનું ફોર્મ ભરવું. SC/ST બહેનોએ માહિતી પુસ્તિકાનાં ટાઈટલ પેજના અંદરના ભાગે વિદ્યાર્થી માટે ફી ભરવા અંગે ખાસ સૂચનોમાં જણાવ્યા મુજબ જે-તે કોર્ષની શિષ્યવૃત્તિ લેવા માટે પૂરેપૂરી ફી ભરવાની રહેશે.

## B.Ed.

2010 ની પ્રવેશ પરીક્ષા લઈ વિદ્યાર્થીઓને પ્રવેશની કામગીરી પૂર્ણ થયા બાદ મુખ્ય સેન્ટરો પર વિદ્યાર્થીઓનું લિસ્ટ મોકલી દેવામાં આવેલ છે. ચાલુ વર્ષના વિદ્યાર્થીઓને સ્વાધ્યાય કાર્ય પુસ્તકો વગેરે યુનિવર્સિટી ખાતેથી પ્રવેશ સમયે આપી દેવામાં આવેલ છે. આઈ-કાર્ડ સાથે નોંધણી નંબર જે-તે અભ્યાસકેન્દ્ર પર મોકલવામાં આવશે જે વિદ્યાર્થીઓએ પોતાના અભ્યાસ કેન્દ્ર પરથી લેવાના રહેશે. દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓને મોકલાવી દીધેલ છે. જે સેન્ટર પરથી લેવાના રહેશે. યુનિવર્સિટી વેબસાઈટ પર પણ સ્વાધ્યાય કાર્ય મૂકવામાં આવશે.

## Sp. B.Ed.

Sp. B Ed., PGPD December-2010 ની પ્રવેશ પરીક્ષા તા.19-12-2010ને રવિવારે શ્રીમતી એમ. એન. કે. દલાલ કૉલેજ ઑફ એજ્યુકેશન ફોર વિમેન પાલડી ખાતે યોજવામાં આવેલ જેમાં 399 વિદ્યાર્થીઓ પ્રવેશ પરીક્ષા માટે બેઠેલ હતા. જેનું મેરીટ મુજબ રીઝલ્ટ અને મેરીટ તા.27-12-2010ના રોજ જાહેર કરવામાં આવેલ હતું. તેઓના પ્રવેશની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. તેમાં યુનિવર્સિટી દ્વારા નક્કી કરવામાં આવેલ સેન્ટર પર પ્રવેશ આપવામાં આવશે.

## પરીક્ષા વિભાગ

તા.18-09-2010 થી તા.23-09-2010 દરમ્યાન લાઈબ્રેરી સાયન્સની પરીક્ષા લેવામાં આવેલ. જેનું પરિણામ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

CCC Plus અને CCC Inservice માં મે-2010માં પ્રવેશ મેળવેલ NC વિદ્યાર્થીઓની પરીક્ષા તા.12 થી 16 ડિસેમ્બર યુનિવર્સિટી, રાજકોટ(1401) તેમજ અમદાવાદ, એલ. ડી. આટ્ર્સ કૉલેજ ખાતે લેવામાં આવેલ. આ પરીક્ષાનું પરિણામ તા.31-12-2010 સુધીમાં જાહેર કરવામાં આવશે.

તા.18-12-2010 થી 27-12-2010 દરમ્યાન B.Ed. તેમજ Sp.B.Ed. ની પરીક્ષા વિવિધ કેન્દ્ર ઉપર લેવામાં આવેલ.

આ ઉપરાંત ઓગષ્ટ-10 માં લેવાયેલ તમામ પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવેલ છે. જે વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલ છે. NC સ્ટેટમેન્ટ વિદ્યાર્થીઓને મોકલી આપવામાં આવેલ છે. CCC-BAOU વિષયના માર્કશીટ-સર્ટીફિકેટ વિદ્યાર્થીઓના સરનામે પોસ્ટ કરવામાં આવેલ છે. બીજા વિષયોની માર્કશીટ-સર્ટીફિકેટ મોકલાવવાની કાર્યવાહી ચાલુ છે.

## સ્વાધ્યાય કાર્ય

દૂરવર્તી શિક્ષણ એટલે સ્વ-અધ્યયન, સતત અધ્યયન, સતત મૂલ્યાંકન વિદ્યાર્થીઓ માટે સતત અધ્યયન અને સતત મૂલ્યાંકનના ભાગરૂપે સ્વાધ્યાય કાર્યો તૈયાર કરવા ફરજિયાત છે. યુનિવર્સિટીના પ્રવેશ સત્ર ઓગષ્ટ-2010માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના સ્વાધ્યાય કાર્યો ઓકટોબર-2010ના પ્રથમ સપ્તાહમાં તમામ અભ્યાસ કેન્દ્રો પર મોકલાવેલ છે. જે વિદ્યાર્થીઓને પોતાની અભ્યાસસામગ્રી સાથે મળી ગયેલ હશે. વર્ષ-2010ના તમામ અભ્યાસક્રમ/પાઠ્યક્રમના સ્વાધ્યાયકાર્યો યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in પર મૂકેલ છે. ત્યાંથી નોકરી, ધંધામાં જોડાયેલ વ્યસ્ત વિદ્યાર્થીઓ મેળવી શકશે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં દૂરવર્તી શિક્ષણ પદ્ધતિ મુજબ સ્વાધ્યાય કાર્યોની પદ્ધતિમાં એકેડેમીક પ્લાનીંગ બોર્ડ(APB)ની મંજૂરીથી ઓગષ્ટ-2008-09 થી ફેરબદલ થયેલ છે. જેની માહિતી દરેક વિદ્યાર્થીને હોવી જરૂરી છે. તેથી આ વર્ષના સ્વાધ્યાય કાર્યોના બીજા પેજ પર સમગ્ર માહિતી દર્શાવેલ છે. જે ધ્યાને લઈ વિદ્યાર્થીઓને સ્વાધ્યાયકાર્યો તૈયાર કરવાના રહેશે.

દૂરવર્તી શિક્ષણમાં ઘણા વિદ્યાર્થીઓ પોતાની અનુકૂળતા મુજબ અભ્યાસક્રમની મહત્તમગાળાની સમયમર્યાદામાં સ્વાધ્યાયકાર્યો અને પરીક્ષા આપતા હોય છે. આવા જૂના વિદ્યાર્થીઓને (M.A.માં 2009 પહેલા અને B.A./B.Com./Diploma માં 2008 પહેલાને) જૂની પદ્ધતિ મુજબ (8 ક્રેડિટના અભ્યાસક્રમમાં 3 અને 4 ક્રેડિટના અભ્યાસક્રમમાં 2) સ્વાધ્યાયકાર્યો તૈયાર કરવાના રહેશે જે પોતાના અભ્યાસકેન્દ્ર પરથી અથવા યુનિવર્સિટીના સ્વાધ્યાય વિભાગમાંથી મેળવી શકશે.

વિદ્યાર્થીઓ પરીક્ષા પાસ થયા બાદ ફાઈનલ માર્કશીટ ઝડપથી મેળવી શકે તેના માટે જરૂરી છે કે તે પોતાના સ્વાધ્યાયકાર્યો સમય મર્યાદામાં અભ્યાસકેન્દ્ર ખાતે જમા કરાવે. સંયોજકશ્રી તેના મૂલ્યાંકન જે તે વિષય તજજ્ઞોની પાસે કરાવી તેના મૂલ્યાંકન ગુણ યુનિવર્સિટી દ્વારા મોકલાવેલ ગુણપત્રક/મૂલ્યાંકન પત્રકમાં તૈયાર કરાવી સત્રાંત પરીક્ષા પહેલા મોકલી આપે.વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં લઈ આ કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ થાય તેની નોંધ વિદ્યાર્થીઓ/સંયોજકશ્રીને લેવા નમ્ર વિનંતી છે.

યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓના ત્રીજા સ્વાધ્યાયકાર્ય (CMA) તપાસવા માટેની "ખાનગી કી" અને આ સાથે ગુણ ગ્રેડ યાદી પત્રક/મૂલ્યાંકનપત્રક જાન્યુઆરી-2011ના પ્રથમ સપ્તાહમાં તમામ અભ્યાસકેન્દ્રો પર મોકલી આપવામાં આવશે જે ધ્યાને લેવા સારું.

## ગ્રંથાલય વિભાગ

બેચલર ઑફ લાઈબ્રેરી ઍન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ અભ્યાસક્રમમાં ઑગસ્ટ -૨૦૧૦ માં પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓની અભ્યાસ સામગ્રી અને સ્વાધ્યાય કાર્ય કેન્દ્રો ઉપર મોકલી આપવામાં આવેલ છે. કેન્દ્રો ઉપર મોકલેલ પરામર્શન સત્રના આયોજન મુજબ પરામર્શનની કામગીરી ચાલુ થયેલ છે. ઑગસ્ટ-૨૦૧૦માં લીધેલ બ્લીસ પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓને તેમના માર્ક્સ ઑફ સ્ટેટમેન્ટ મોકલી આપેલ છે. રીઝલ્ટ વેબસાઈટ ઉપર પણ જોઈ શકાશે.








**The Sixth Pan-Commonwealth Forum on Open Learning**



કેન્દ્રો ખાતે યોજાયેલ "એક સાથે વાંચે ગુજરાત" કાર્યક્રમ



કેન્દ્રો ખાતે યોજાયેલ "એક સાથે વાંચે ગુજરાત" કાર્યક્રમ



ડાંગ સંસ્કૃતિની સ્વર્ણિમ ગાથા



ડાંગ સંસ્કૃતિની સ્વર્ણિમ ગાથા

## યુનિવર્સિટીના વિકાસમાં વિશિષ્ટ યોગદાન

### ગુજરાત સરકાર દ્વારા કુલસચિવ અને નિયામકના પદ પર કાયમી નિમણૂક

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સ્ટેચ્યુટને આધારે રજિસ્ટ્રારશ્રી અને નિયામકશ્રીની નિમણૂક કરવાની સત્તા રાજ્ય સરકાર પાસે છે. આ યુનિવર્સિટીની સ્થાપના 1994માં થઈ હતી. 16 વર્ષ પછી યુનિવર્સિટી માટે ગુજરાત સરકાર દ્વારા No. GH /SH /41 / BAU/1309/3871/Kh/થી કુલસચિવશ્રી ડૉ.હરિશભાઈ દેસાઈ અને No. GH/SH/41/BAU/1309/4130/Kh/ થી ડૉ.કૌશિક વિક્રમ બાબુલાલને નિયામક તરીકેની કાયમી નિમણૂંક માટેનું નોટિફિકેશન બહાર પાડેલ છે. યુનિવર્સિટીને તેની સ્થાપનાથી આજ દિન સુધીમાં પ્રથમ વખત જ કોઈ કાયમી નિમણૂક થવા પામી છે તે યુનિવર્સિટી માટે મહત્ત્વની અને ગૌરવની બાબત છે.

## પ્રવેશ વિભાગ

ઑગષ્ટ-2010 પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત કુલ 23534 વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ. ઉપરોક્ત વિદ્યાર્થીઓને કન્ફર્મેશન લેટર પોસ્ટ કરવામાં આવેલ તથા વિદ્યાર્થીઓના I-card તૈયાર કરીને તેમના અભ્યાસકેન્દ્રો પર પોસ્ટ કરવામાં આવેલ. પ્રમોટીના વિદ્યાર્થીઓ જેવા કે F.Y., S.Y., T.Y. તથા M.A.-II ના વિદ્યાર્થીઓને ચાલુ વર્ષમાં જ પ્રવેશ મળે તે હેતુસર તેઓને ડિમાન્ડ ડ્રાફટ દ્વારા ફી ભરીને પ્રવેશ મેળવવાની તક આપવામાં આવેલ હતી. આ ઉપરાંત B.P.P. અભ્યાસક્રમમાં ફેબ્રુઆરી-2010માં પ્રવેશ મેળવેલ તથા ઓગષ્ટ-2010 માં પાસ થયેલ વિદ્યાર્થીઓને પણ આ વર્ષે પ્રવેશ આપવામાં આવેલ છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, દ્વારા જેલના કેદી ભાઈઓને આ યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં ફીમાં માફી આપવાનું નક્કી કરાયેલ છે. જે હેઠળ ગુજરાતમાં આવેલ વિવિધ જેલના કેદીભાઈઓએ ઉત્સાહભેર ભાગ લઈ બહોળી સંખ્યામાં પ્રવેશ મેળવેલ છે.

ઓગષ્ટ-2010માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની પ્રવેશ યાદી યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in પર મૂકેલ છે.

## અભ્યાસકેન્દ્ર સંચાલન

યુનિવર્સિટીમાં ચાલતા દરેક અભ્યાસકેન્દ્ર/પ્રોગ્રામ કેન્દ્રને ખાસ જણાવવાનું કે, દરેક કૉલેજ/સંસ્થા/ટ્રસ્ટ દ્વારા યુનિવર્સિટીના કેન્દ્રોને મંજૂરી આપવામાં આવી છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું નામ-કોડ નંબર સાથેનું બોર્ડ હોવું ફરજિયાત છે.

યુનિવર્સિટી દ્વારા "સંપર્ક સેતુ" બહાર પાડવામાં આવેલ છે. યુનિવર્સિટી કેન્દ્ર વિદ્યાર્થી યુનિવર્સિટી - પ્રાદેશિક કેન્દ્રો - અભ્યાસ કેન્દ્રો/ પ્રોગ્રામ કેન્દ્રો વિદ્યાર્થીઓ વચ્ચેના પારસ્પરિક સંબંધોને સુદૃઢ કરતો સંપર્ક સેતુ તૈયાર કરવામાં આવેલ છે. તેમાં અભ્યાસ કેન્દ્રો/ પ્રોગ્રામકેન્દ્રોના બીલ રજૂ કરવાની તા.10 થી 20 ઓગષ્ટ, તા.10 થી 20 ફેબ્રુઆરી સુધીમાં રજૂ કરી દેવા. તેથી બીલની કાર્યવાહી થઈ શકે તેમજ - બીલ ચૂકવણા કરવાની તા.1થી 15 સપ્ટેમ્બર તા.1 થી 12 માર્ચ સુધીમાં ચૂકવી દેવામાં આવશે.

"સંપર્ક સેતુ" યુનિવર્સિટી અભ્યાસકેન્દ્ર વિદ્યાર્થી સંબંધ વધુ સુદૃઢ કરવા માટે પત્રક 1 થી પત્રક 8 માં કેન્દ્રોએ પત્રકોની ઝેરોક્ષ કોપી કાઢી ઝેરોક્ષમાં સહી સિક્કા મોકલવાના રહેશે તેથી સમયસર કાર્યવાહી થઈ શકે.

## MSW વિભાગ

MSW અભ્યાસક્રમ અંતર્ગત તા.31-10-2010નાં Part-I-II વિદ્યાર્થીઓની મૌખિક પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૨૧ વિદ્યાર્થીઓની ફાઈનલ મૌખિક પરીક્ષા લેવામાં આવી હતી. જેમને ફાઈનલ માર્કશીટ આપી દેવામાં આવેલ છે.

પુનઃ MSW અભ્યાસક્રમ ચાલુ કરવા અંતર્ગત Part-I ના ઈગ્નુ MSW અભ્યાસક્રમની અભ્યાસ સામગ્રીનું PAC દ્વારા નક્કી થયેલ વિષય નિષ્ણાંતોને અનુવાદ કરવાની કામગીરી સોંપવાની પ્રક્રિયા આરંભ કરી દેવામાં આવેલ છે.


**સમાચારો નીચે મુજબના સરનામે મોકલવા**

સંયોજકશ્રી
શ્રીમતી ચેતના શાહ, ગ્રંથપાલ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, આર. સી. ટૅકનિકલ ઇન્સ્ટિટયુટ કેમ્પસ, ગુજરાત હાઈકોર્ટ સામે, સરખેજ - ગાંધીનગર હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦

તંત્રી પ્રકાશક : પીયૂષ શાહ, કુલસચિવશ્રી (ઇ.ચા)
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
આર. સી. ટૅકનિકલ ઇન્સ્ટિટયુટ કેમ્પસ,
ગુજરાત હાઈકોર્ટ સામે,
સરખેજ - ગાંધીનગર હાઈવે,
સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦

સંપાદક : ચેતના શાહ, કુસુમ શર્મા, ભરત ઠાકોર
કૉમ્પ્યુટર સેટિંગ અને ડિઝાઈન : ગીતા પરીખ


BOOK POST

STAMP

To,


કુલસચિવ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
આર. સી. ટેકનિકલ ઈન્સ્ટિટયુટ કેમ્પસ,
ગુજરાત હાઈકોર્ટ સામે, સરખેજ - ગાંધીનગર હાઈવે,
સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦, (ગુજરાત)
ઈ-મેઈલ : feedback@baou.org,
વેબસાઈટ : www.baou.org